સુરત મહાનગરપાલિકા

જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા સેન્ટ્રલ ઝોનના કેટલાક વિસ્તારમાં ગીચ વસ્તી હોવાને કારણે સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,ias, કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં. .NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સેન્ટ્રલ ઝોનના (૧) નવસારી બજાર ચારરસ્તા થી ડી.કે.એમ. સર્કલ થી ભાગળ ચારરસ્તા થઈ કાંસકીવાડ પે એન્ડ યુઝ થઈ માલી ફળીયા થઈ મસ્કતિ હોસ્પિટલ થઈ રાજમાર્ગ ટાવર રોડ થઈ બેગમપુરા મોતીટોકીઝ રોડ થઈ ફાલસાવાડી મેઈનરોડ થઈ ઝાંપાબજાર મેઈનરોડ થઈ નિર્વાણ અખાડા રોડ થઈ એન.ટી.એમ. માર્કેટ થઈ મૃગવાન ટેકરા થઈ બેગમપુરા મેઈનરોડ થઈ સલાબતપુરા પોલીસ સ્ટેશન સર્કલ થઈ હલવાવાલા સર્કલ થઈ નિશીત કન્ઝયુમર સ્ટોર્સ થઈ કષ્ટભંજન હનુમાન મંદિર રોડ થઈ હજરત અકબર શહીદ રોડ થઈ રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ થી સગરામપુરા પુતળી સર્કલ થી નવસારી બજાર ચારરસ્તાની વચ્ચેના વિસ્તારમાં આવેલ ૧૧૯૧૫ ઘરમાં રહેતા ૫૮૨૪૫ લોકો (૨) સૈયદપુરા પંપીંગ સ્ટેશન થી સૈયદપુરા ખાડી શેરી ઉભા રોડ થી લીમડા શેરી થઈ રામપુરા પેટ્રોલ પંપ થી રામપુરા મેઈનરોડ થી ડાબે લાલમીયા મસ્જીદ રોડ થી મશાલચીવાડ થી ડાબે ટર્ન લઈ સુરત હેલ્થ કેર ફાઉન્ડેશન બેંક થી સૈયદપુરા મેઈનરોડ થી ડાબે ટર્ન લઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન સુધીના વિસ્તારમાં આવતા ૪૦૭૬ ઘરમાં રહેતા ૧૪૮૮૭ લોકો (૩) મુગલીસરા મેઈનરોડ સીપ એસન્સ રોડના બાજુના રસ્તે થી રીવર ફ્રન્ટ રોડ થઈ જીલાની બ્રીજની નીચેથી જમણે હાથે ટર્ન લઈ ધાસ્તીપુરા યાદગાર ચીકન સેન્ટર થી ધાસ્તીપુરા એસ.એમ.સી. ઓફીસ થી વરીયાવી બજાર પોલીસ સ્ટેશન થઈ સીપ એસન્સ સ્ટોર્સ સુધીના વિસ્તારમાં આવતા ૩૨૨૪ ઘરમાં રહેતા ૧૩૯૫૯ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./ ૧૯/૨૦૨૦-૨૧

તા.૧૪/૦૪/૨૦૨૦